દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

ગુરુવાર ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬

# ભારતમાંથી જ વાળ વિદેશમાં જાય અને ઘરઆંગણે વિગનો ઉદ્યોગ મરી પરવાર્યો

ભારતીય મહિલાઓના લાંબા, મુલાયમ અને કુદરતી રીતે કાળા તથા ભૂરા રંગના વાળ માત્ર આપણી સંસ્કૃતિ કે સૌંદર્યનું પ્રતીક નથી, પરંતુ તે આજે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં એક અત્યંત મૂલ્યવાન કોમોડિટી બની ગયા છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ભારતે અંદાજે ૯૪૦ મિલિયન ડોલર એટલે કે ૯,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના માનવ વાળની નિકાસ કરી છે. આ આંકડો વિશાળ લાગે છે અને દેશના અર્થતંત્રમાં હકારાત્મક યોગદાન પણ આપે છે, પરંતુ આ સફળતાની પાછળ એક એવું વરવું સત્ય છુપાયેલું છે જે આપણી આર્થિક વ્યવસ્થા અને નીતિઓની નબળાઈઓ તરફ આંગળી ચીંધે છે. આ આખો વ્યવસાય એ હકીકત ઉજાગર કરે છે કે કાચો માલ આપણો છે, મહેનત આપણા શ્રમિકોની છે, પરંતુ વાસ્તવિક નફો અને કમાણી વિદેશી તાકાતો, ખાસ કરીને ચીન લઈ જઈ રહી છે.

એક અહેવાલ મુજબ, ભારતમાંથી નિકાસ થતા કુલ વાળના લગભગ ૯૦ ટકા જેટલા ભાગમાં એવા વાળ હોય છે જે લાખો લોકોના માથા પરથી રોજિંદા ધોરણે ખરીને પડે છે અથવા કાંસકામાં અટવાઈ જાય છે. આ કચરા કે નકામા જણાતા વાળને ઘરોમાંથી અને સલુન્સમાંથી એકત્રિત કરવામાં આવે છે. આ ઉપરાંત, બાકીના ૧૦ ટકા વાળ અત્યંત પવિત્ર ગણાતા ધાર્મિક સ્થળો જેમ કે તિરુપતિના વેંકટેશ્વર મંદિર અથવા તમિલનાડુના વેલંકની સ્થિત બેસિલિકા ઓફ અવર લેડી ઓફ ગુડ હેલ્થ જેવા પૂજ્ય સ્થાનો પર ભક્તો દ્વારા શ્રદ્ધાપૂર્વક દાનમાં આપવામાં આવે છે.

આ દાનમાં મળેલા વાળને ઉદ્યોગમાં ‘રેમી હેર’ કહેવામાં આવે છે, જે ઉત્તમ ગુણવત્તાના ગણાય છે. આ લાંબા, મજબૂત અને કાળા વાળની માંગ સમગ્ર વિશ્વમાં સૌથી વધુ છે. તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં કુટીર ઉદ્યોગો અને ગ્રામીણ કેન્દ્રોમાં હજારો મહિલા શ્રમિકો આ વાળને કાંસકાથી સાફ કરીને સીધા કરવાનું અને છટણી કરવાનું કામ કરે છે. આ પ્રક્રિયા દ્વારા અર્ધ-પ્રક્રિયા કરેલા વાળ તૈયાર થાય છે. આ ઉદ્યોગ ગ્રામીણ વિસ્તારોની મહિલાઓને રોજી-રોટી પૂરી પાડવામાં મોટો ફાળો ભજવે છે, પરંતુ આ શ્રમનું વળતર તેમને જે મળવું જોઈએ તેટલું પૂરતું નથી મળતું કારણ કે અંતિમ વેચાણનો મોટો નફો મધ્યસ્થીઓ અને વિદેશી કંપનીઓના ખિસ્સામાં જાય છે.

સરકારી આંકડાઓ ભલે ૯,૦૦૦ કરોડ રૂપિયાની નિકાસ દર્શાવતા હોય, પરંતુ વાસ્તવિક સ્થિતિ આના કરતા ઘણી અલગ અને ચિંતાજનક છે. ઉદ્યોગના નિષ્ણાતો અને નિકાસકારોનો સ્પષ્ટ આરોપ છે કે ભારતમાંથી નિકાસ થતા અસલી માનવ વાળનું પ્રમાણ સરકારી ચોપડે નોંધાયેલા આંકડાઓ કરતા ઘણું વધારે છે. મોટા પ્રમાણમાં કાચા વાળની દાણચોરી કરીને તેને ગેરકાયદેસર રીતે વિદેશ મોકલવામાં આવે છે. સત્તાવાર આંકડા મુજબ, આપણા દેશમાંથી નિકાસ થતા કાચા વાળનો મોટો હિસ્સો મ્યાનમાર મોકલવામાં આવે છે. મ્યાનમાર આ આખી સપ્લાય ચેઈન માટે મુખ્ય બજાર તરીકે કામ કરે છે, જ્યાંથી આ વાળ આખરે ચીનના હેનાન પ્રાંતમાં આવેલા ‘ઝુચાંગ’ શહેરમાં પહોંચે છે.

આશ્ચર્યની વાત એ છે કે ઝુચાંગ શહેરને વિશ્વની ‘વિગ રાજધાની’ તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે વૈશ્વિક સ્તરે તૈયાર થતી ફિનિશ્ડ વિગ્સમાંથી લગભગ ૬૦ ટકા ઉત્પાદન આ એક જ શહેરમાં થાય છે. ભારતમાંથી સસ્તા ભાવે કાચા કે અર્ધ-પ્રક્રિયા કરેલા વાળ ખરીદીને ચીન તેમાં મૂલ્યવર્ધન કરે છે અને ત્યારબાદ તેને અમેરિકા તેમજ યુરોપના સમૃદ્ધ બજારોમાં ખૂબ જ ઊંચા ભાવે વેચે છે. આખી પ્રક્રિયામાં કાચો માલ આપણો હોય છે, પરંતુ આર્થિક ફાયદો ચીની ઉદ્યોગો ઉઠાવી જાય છે. તિરુપતિ જેવા પવિત્ર સ્થળોએ યોજાતી ઓનલાઈન વાળની હરાજીમાં હવે ભાવ આકાશને આંબી ગયા છે. શ્રેષ્ઠ ગુણવત્તાના, ગ્રેડ-૧ ના ૨૭ ઈંચ કે તેથી વધુ લાંબા કાળા વાળના ભાવ પ્રતિ કિલોગ્રામ ૮૫,૦૦ રૂપિયા સુધી પહોંચી જાય છે. આટલી ઊંચી કિંમતો ચૂકવવી સ્થાનિક ભારતીય વિગ ઉત્પાદકોની ક્ષમતા બહારની વાત બની ગઈ છે.

નિકાસકારો દ્વારા એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે આ અસામાન્ય અને આક્રમક બોલીઓ પાછળ ચીની કંપનીઓનો હાથ હોઈ શકે છે. ડમી નિકાસકારો દ્વારા આ હરાજીઓમાં ઊંચી બોલી લગાવીને પ્રીમિયમ ક્વોલિટીના રેમી વાળ ખરીદી લેવામાં આવે છે. પરિણામે, ભારતના પોતાના જ બજારમાં સ્થાનિક ઉદ્યોગસાહસિકોને કાચો માલ મેળવવો મુશ્કેલ બન્યો છે. દેશમાં પ્રોસેસ્ડ હેર કે ફિનિશ્ડ વિગ્સનો ઉદ્યોગ માત્ર નામના જ બચ્યો છે અને ભારત માંડ ૧.૩૫ મિલિયન ડોલરની ફિનિશ્ડ પ્રોડક્ટ્સની નિકાસ કરી શકે છે. આ વિસંગતતા દર્શાવે છે કે આપણે આપણા જ કુદરતી સંસાધનો પર પકડ ગુમાવતા જઈએ છીએ.

ચીનમાં વધતા જતા મજૂરી ખર્ચને કારણે હવે કેટલીક કંપનીઓ ભારતમાંથી કાચા વાળ પ્રોસેસિંગ માટે ઉત્તર કોરિયા સુધી મોકલી રહી છે. આ પડકારમાંથી બહાર નીકળવા માટે સરકારે કેટલીક દીર્ઘદ્રષ્ટિવાળી નીતિઓ અપનાવવી અનિવાર્ય છે: ભારતમાં જ મોટા પાયે વિગ અને હેર એક્સટેન્શન બનાવતા મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ સ્થાપવા માટે સરકારે સબસિડી અને વિશેષ આર્થિક પેકેજ જાહેર કરવા જોઈએ. કાચા વાળની ગેરકાયદેસર દાણચોરી અટકાવવા માટે કસ્ટમ વિભાગે વધુ સક્રિય થવું પડશે જેથી દેશની સંપત્તિ યોગ્ય માર્ગે અને યોગ્ય કર સાથે જ બહાર જાય. ગ્રામીણ વિસ્તારોમાં કામ કરતી મહિલા શ્રમિકોને આધુનિક ટેકનોલોજી અને પ્રોસેસિંગની તાલીમ આપીને તેમને વધુ મૂલ્યવર્ધિત ઉત્પાદનો બનાવવામાં સક્ષમ બનાવી શકાય. વાળની નિકાસનો આ આખો ધંધો માત્ર આંકડાઓની રમત નથી, પરંતુ તે દેશની આર્થિક આત્મનિર્ભરતા સાથે જોડાયેલો ગંભીર મુદ્દો છે. આપણા જ દેશના નાગરિકોના શ્રમ અને દાનમાંથી મળેલા ઉત્તમ ગુણવત્તાવાળા વાળ વિદેશોમાં જઈને સોનાના ભાવે વેચાય અને આપણા પોતાના ઉદ્યોગો કાચા માલની અછત માટે ઝૂરતા રહે, તે સ્થિતિ અસ્વીકાર્ય છે. જો સમયસર યોગ્ય પગલાં નહીં ભરવામાં આવે, તો ભારત માત્ર એક સસ્તો કાચો માલ પૂરો પાડનાર દેશ બનીને રહી જશે અને વૈશ્વિક બજારના વાસ્તવિક નફાથી વંચિત રહેશે. સમય આવી ગયો છે કે આપણે ‘ફિનિશ્ડ ગુડ્સ અને બ્રાન્ડેડ પ્રોડક્ટ્સના ઉત્પાદન’ તરફ આગળ વધીએ, જેથી ભારતીય વાળનો સાચો આર્થિક લાભ દેશના શ્રમિકો અને સ્થાનિક ઉદ્યોગોને જ મળે.

# ભારતનાં અમીરો કરતાં અમેરિકા-કેનેડાનાં ગરીબો વધુ સમૃદ્ધ? આર્થિક વિકાસ સામે અસમાનતાનો મોટો પ્રશ્ન

## ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

**કેટલાક વિકસિત દેશોમાં આર્થિક રીતે સૌથી પાછળ ગણાતાં લોકોનું જીવનધોરણ પણ ભારતના ઉપરના આવકવર્ગ કરતાં ઊંચું છે**

ભારત વિશ્વની મોટી અર્થવ્યવસ્થાઓમાં પોતાનું સ્થાન મજબૂત કરી રહ્યું છે. દેશના રસ્તાઓ, એક્સપ્રેસ વે, હવાઈ મથકો, ડિજિટલ વ્યવહારો, ઉદ્યોગો અને ટેકનોલોજી ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન જોવા મળે છે. ભારતીય કંપનીઓ વૈશ્વિક બજારમાં વિસ્તરી રહી છે અને દેશના અબજોપતિઓની સંપત્તિ પણ વધી રહી છે. પરંતુ આ ચમકદમકની બીજી બાજુ એક ગંભીર પ્રશ્ન પણ ઊભો છેઃ શું ભારતની આર્થિક પ્રગતિનો લાભ સમાજના તમામ વર્ગો સુધી સમાન પ્રમાણમાં પહોંચી રહ્યો છે? વિશ્વ બેંકના 2026ના ગરીબી અને અસમાનતા પ્લેટફોર્મના આંકડાઓ પર આધારિત તાજેતરમાં પ્રકાશિત અહેવાલ આ પ્રશ્નને ફરીથી કેન્દ્રસ્થાને લાવે છે.

વિશ્વ બેંકના આંકડાઓ પર આધારિત અહેવાલ મુજબ, ભારતના સૌથી વધુ આવક અથવા વપરાશ ધરાવતા 10 ટકા લોકોની દૈનિક વ્યક્તિદીઠ આવક આશરે 10 ડૉલર છે. તેની સરખામણીમાં અમેરિકા, કેનેડા, જર્મની અને ઑસ્ટ્રેલિયા જેવા વિકસિત દેશોના સૌથી નીચલા 10 ટકા વર્ગનું દૈનિક સ્તર આશરે 25 થી 31 ડૉલર સુધી પહોંચે છે. બીજા શબ્દોમાં કહીએ તો, કેટલાક વિકસિત દેશોમાં આર્થિક રીતે સૌથી પાછળ ગણાતાં લોકોનું જીવનધોરણ પણ ભારતના ઉપરના આવકવર્ગ કરતાં ઊંચું છે.

આ આંકડાઓ સામાન્ય વાચકને આશ્ચર્યમાં મૂકી શકે છે. જો કે, અહીં એક મહત્ત્વની સ્પષ્ટતા જરૂરી છે. આ સરખામણીને સીધી રીતે ભારતીય રૂપિયામાં ડૉલરનું બજારમૂલ્ય ગણીને સમજવી યોગ્ય નથી. દેશો વચ્ચે જીવનનિર્વાહના ખર્ચમાં તફાવત હોવાથી વિશ્વ બેંક ખરીદશક્તિ સમતા (Purchasing Power Parity-PPP) જેવા માપદંડોનો ઉપયોગ કરે છે. ઉપરાંત, કેટલાક દેશોમાં આવક અને અન્ય દેશોમાં વપરાશખર્ચ આધારિત આંકડા હોય છે. તેથી આ આંકડા જીવનધોરણની સરખામણી માટે ઉપયોગી છે, પરંતુ દરેક વ્યક્તિના વાસ્તવિક પગારનું સીધું માપ નથી.

ભારતની અર્થવ્યવસ્થા છેલ્લા કેટલાક દાયકાઓમાં નોંધપાત્ર રીતે વિસ્તરી છે. સેવાક્ષેત્ર, માહિતી ટેકનોલોજી, નાણાંકીય સેવાઓ, દવા ઉદ્યોગ, ઉત્પાદન અને ડિજિટલ અર્થતંત્રે વિકાસને વેગ આપ્યો છે. પરંતુ દેશની કુલ સંપત્તિ વધવી અને દરેક નાગરિકની આવક વધવી એ બે અલગ બાબતો છે. ધારો કે કોઈ દેશની કુલ આવકમાં 10 ટકાનો વધારો થાય, પરંતુ તેનો મોટો હિસ્સો પહેલેથી જ સમૃદ્ધ વર્ગને મળે તો દેશના જીડીપીના આંકડા સુધરશે, છતાં નીચલા આવકવર્ગનાં પરિવારોના જીવનમાં એટલો મોટો ફેરફાર નહીં આવે.

ભારત સામેનો પડકાર પણ આ જ છે. આર્થિક વિકાસની સાથે ઉત્પાદક રોજગારી, યોગ્ય વેતન, સામાજિક સુરક્ષા અને શિક્ષણની ગુણવત્તામાં સુધારો થાય તે જરૂરી છે. વિકાસનો લાભ માત્ર સંપત્તિ ધરાવતાં લોકો સુધી સીમિત રહેવાને બદલે વ્યાપક જનસમુદાય સુધી પહોંચવો જોઈએ.

ભારતમાં મોટી સંખ્યામાં લોકો અનૌપચારિક ક્ષેત્રમાં કામ કરે છે. તેમને નિયમિત પગાર, નિવૃત્તિ લાભ, આરોગ્ય વીમો અથવા રોજગારની સ્થિરતા મળતી નથી. રોજગાર હોય એટલું પૂરતું નથી; રોજગાર પરિવારને સન્માનજનક જીવન આપી શકે તે પણ એટલું જ જરૂરી છે. આવકની અસમાનતા પાછળ મુખ્યત્વે ચાર કારણો છેઃ રોજગારની અસ્થિરતા અને ઓછું વેતન, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને કૌશલની અસમાન તકો, જમીન-મકાન અને રોકાણ જેવી સંપત્તિની અસમાન માલિકી તથા આરોગ્ય, શિક્ષણ અને જીવનનિર્વાહનો વધતો ખર્ચ. પરિણામે, ગરીબ પરિવારો માટે બચત અને સંપત્તિ વધારવી મુશ્કેલ બને છે અને આવકનું અંતર પેઢી દર પેઢી ચાલુ રહે છે.

મહત્ત્વની વાત એ છે કે વ્યક્તિની આવક અને પરિવારનું જીવનધોરણ અલગ બાબતો છે. મહાનગરમાં રહેતા ચાર સભ્યોના પરિવારમાં એક જ વ્યક્તિની આવક હોય તો તેને મકાનનું ભાડું, બાળકોની ફી, આરોગ્યસંભાળ અને પરિવહન પાછળ મોટો ખર્ચ કરવો પડી શકે છે. બીજી તરફ, નાનાં શહેરમાં પોતાનું મકાન ધરાવતી વ્યક્તિ સમાન આવકમાં વધુ બચત કરી શકે છે. એટલે માત્ર માસિક પગારના આધારે કોઈને ધનિક ગણવો પૂરતો નથી. આવકની સાથે સંપત્તિ, દેવું, પરિવારનાં સભ્યોની સંખ્યા અને જીવનનિર્વાહનો ખર્ચ પણ ધ્યાનમાં લેવા જોઈએ.

ભારતે કેટલીક સિદ્ધિઓ પણ મેળવી છે. વિશ્વ બેંકના 2025ના અહેવાલ મુજબ, ભારતમાં અત્યંત ગરીબીનો દર ઘટ્યો છે. પરંતુ ગરીબીમાં ઘટાડો થવો અને આવકની અસમાનતા દૂર થવી એક જ બાબત નથી. કોઈ વ્યક્તિ અત્યંત ગરીબીની રેખાથી ઉપર આવી જાય, છતાં તેને પોષણયુક્ત ખોરાક, ગુણવત્તાયુક્ત શિક્ષણ, યોગ્ય ઘર અને સમયસર સારવાર મેળવવામાં મુશ્કેલી પડી શકે છે. ભારતને આગામી દાયકાઓમાં વિકસિત અર્થતંત્ર બનવું હોય તો રોજગારી સર્જન, કૌશલ અને શિક્ષણ, આરોગ્ય, મહિલાઓની આર્થિક ભાગીદારી અને નાના ઉદ્યોગોને પ્રોત્સાહન જેવા મુદ્દાઓ પર કામ કરવું પડશે. ઉપરાંત, કરવેરાની વ્યવસ્થા, સામાજિક સુરક્ષા અને જાહેર સેવાઓ એવી હોવી જોઈએ કે આર્થિક વૃદ્ધિનો લાભ સમાજના નીચલા વર્ગો સુધી પણ પહોંચે.

વિશ્વ બેંકના આંકડાઓમાંથી મળતો મુખ્ય સંદેશ એ નથી કે ભારતે પ્રગતિ કરી નથી. સંદેશ એ છે કે આર્થિક વિકાસની ગતિ જેટલી મહત્ત્વની છે, એટલું જ મહત્ત્વ વિકાસના લાભોની વહેંચણીનું છે. દેશમાં અબજોપતિઓની સંખ્યા વધે, શેરબજાર નવી ઊંચાઈએ પહોંચે, વિદેશી રોકાણ વધે અને જીડીપીમાં વૃદ્ધિ થાય તે સકારાત્મક બાબતો છે. પરંતુ આર્થિક સફળતાની સાથે સામાન્ય નાગરિકની ખરીદશક્તિ, વાસ્તવિક વેતન, બચત અને જીવનની ગુણવત્તામાં પણ સુધારો થવો જોઈએ.

ભારતનું લક્ષ્ય માત્ર વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સ્થાન મેળવવાનું ન હોવું જોઈએ. એવું અર્થતંત્ર ઊભું કરવાનું હોવું જોઈએ, જેમાં ગરીબ પરિવારના બાળકને પણ ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે, યુવાનને સન્માનજનક રોજગાર મળે અને વૃદ્ધ વ્યક્તિને સારવાર માટે પોતાની આખી બચત ખર્ચવી ન પડે. કારણ કે દેશની સમૃદ્ધિનું સાચું માપ તેના સૌથી ધનિક નાગરિકોની સંપત્તિમાં જ નહીં, પરંતુ તેના સૌથી સામાન્ય નાગરિકના જીવનમાં આવેલા સુધારામાં પણ રહેલું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## વિના તલવારનું યુદ્ધ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

જાપાનના ગામમાં રેન નામનો યુવાન સમુરાઈ તલવારબાજ રહેતો હતો. તેને ઝડપથી પ્રસિદ્ધ થવું હતું. તે દરરોજ કલાકો સુધી તલવાર ચલાવવાની કસરત કરતો, તે સારો યોદ્ધો હતો પણ એક ખામી હતી, તેને ગુસ્સો બહુ આવતો અને ગુસ્સો આવતાં જ તેની એકાગ્રતા તૂટી જતી.

તેના ગુરુએ તેને એક દિવસ કહ્યું, ‘કાલે તારે મારી સાથે અભ્યાસ કરવાનો છે, યુદ્ધ લડવાનું છે પણ તલવાર લાવવાની નથી.’ રેનને આશ્ચર્ય થયું. તેણે કહ્યું, ‘ગુરુજી, તલવાર વિના કઈ રીતે લડીશ?’ગુરુજી હસ્યા અને કહ્યું, ‘હું શીખવાડીશ…’

બીજા દિવસે ગુરુએ તેને ગામના પ્રવેશદ્વાર પાસે જોકર જેવાં કપડાં પહેરાવી ઊભો રાખ્યો અને કહ્યું, ‘આજે અહીં ઊભો રહેજે અને જે વ્યક્તિ જે કહે સારું કે ખરાબ … તારી ટીકા કરે કે વખાણ માત્ર સાંભળજે. કોઈ જવાબ આપવાનો નથી.’

ગુરુજીએ ગામલોકોને પણ કૈંક કહી રાખ્યું હતું. તે દિવસ દરમિયાન કેટલાંક લોકોએ રેનની મજાક કરી. કોઈએ તેને ઘમંડી કહ્યો, તો કોઈએ તેની કુશળતા પર સવાલ ઉઠાવ્યા. દરેક વખતે તેનો ગુસ્સો વધતો ગયો,આંખો ગુસ્સાથી લાલ થઈ ગઈ. કોઈએ તેનાં વખાણ પણ કર્યાં. તેના હોઠ હસ્યા પણ રેન ચૂપ હતો કારણ કે તેણે ગુરુની આજ્ઞા યાદ રાખી.

સાંજે ગુરુજી આવ્યા. રેન ચુપચાપ ઊભો હતો. ગુરુજીએ પૂછ્યું, ‘આજે તું કેટલાં યુદ્ધ જીત્યો?’

રેન બોલ્યો, ‘એક પણ નહીં.આજે હું તમે કહ્યું તેમ અહીં જ જોકર બની ઊભો છું અને મારી પાસે તલવાર ક્યાં છે કે યુદ્ધ લડું?’

ગુરુએ કહ્યું, ‘તું આજે એક નહિ અનેક યુદ્ધ લડ્યો અને જીત્યો છે.તું આખો દિવસ પોતાના ગુસ્સા સામે લડ્યો છે.આજે તલવાર વિના પણ તું સૌથી કઠિન અભ્યાસ કરી રહ્યો હતો અને જીતી રહ્યો હતો.’

રેનને સમજાયું કે તલવાર ચલાવતાં પહેલાં મનને સંભાળવું જરૂરી છે. ત્યારથી તેણે શારીરિક તાલીમ સાથે શાંત રહેવાની અને ઉતાવળમાં નિર્ણય ન લેવાની સાધના કરવાનું નક્કી કર્યું. વર્ષો પછી તે કુશળ યોદ્ધો બન્યો. એક વખત વિવાદ દરમિયાન વિરોધીએ તેને ઉશ્કેરવાનો પ્રયત્ન કર્યો. રેને તરત હુમલો કરવાને બદલે પરિસ્થિતિ સમજવા સમય લીધો. તેના એક નિર્ણયથી લડાઈ ટળી અને અનેક લોકોના જીવ બચ્યા.

તેના ગુરુએ કહ્યું, “તારી સૌથી મોટી જીત એ નથી કે તું તલવારથી કોને હરાવી શકે છે. તારી સૌથી મોટી જીત એ છે કે ક્યારે શાંત રહેવું અને તલવાર વાપરવી નહીં તે તું જાણે છે.” શક્તિ હોવી મહત્ત્વપૂર્ણ છે, પરંતુ શક્તિ પર નિયંત્રણ હોવું તેનાથી પણ વધારે મહત્ત્વપૂર્ણ છે. દરેક ઉશ્કેરણીનો જવાબ આપવો જરૂરી નથી. ઘણી વાર શાંતિથી લીધેલો નિર્ણય, ગુસ્સામાં કરેલા સો પ્રહાર કરતાં વધુ અસરકારક હોય છે.

# પ્રાણીઓના સંરક્ષણનો સાચો ઉપાય કયો?

## ફીર દેખો યારોં

બીરેન કોઠારી

**એ હેતુ વન્ય પ્રાણીઓ અને વનસ્પતિની પ્રજાતિઓના આંતરરાષ્ટ્રીય વેપારને નિયંત્રિત કરવાનો છે, જેથી આવા વેપારને કારણે તેમનું અસ્તિત્વ જોખમમાં ન મુકાય**

માની લો કે દુનિયાનાં અલગ-અલગ જંગલોમાં રહેતાં હજારો પ્રાણીઓને લાવીને એક જગ્યાએ સુરક્ષિત રાખવામાં આવે. સિંહ, વાઘ, હાથી, વાંદરાં, પક્ષીઓ, સરીસૃપો અને બીજી અનેક દુર્લભ પ્રજાતિઓનો એમાં સમાવેશ થાય. બહારથી અને પહેલી નજરે નિર્દોષતાપૂર્વક જોઈએ તો સમગ્રપણે એ વન્ય જીવ સંરક્ષણનું એક ભવ્ય ચિત્ર ઊભું કરે. સહેજ શાંતિથી, ઠરેલી બુદ્ધિથી વિચારીએ કે તરત સવાલ થાયઃ પ્રાણીઓને બચાવવાનો અર્થ તેમને તેમના પોતાના સ્થળેથી કે જંગલમાંથી કાઢીને એક જગ્યાએ ભેગાં કરવાનો છે કે તેમના જંગલને જ બચાવવાનો? જામનગરના વનતારા બાબતે આવી એક ચર્ચા ચાલી રહી છે, જે આ મૂળભૂત સવાલ વિશે વિચારવા પ્રેરે છે.

વનતારાએ ઓગસ્ટમાં જાહેરાત કરી હતી કે તે એક વર્ષ માટે પોતાની પાસે નવાં પ્રાણીઓની આયાત કરશે નહીં. આ સાથે પ્રાણીઓ મેળવવાની પ્રક્રિયામાં વધુ તપાસ અને દેખરેખ રાખવાની વાત પણ કરી હતી. સંસ્થાએ એમ પણ જણાવ્યું છે કે હવે તે પ્રાણીઓના કુદરતી આવાસ ધરાવતા દેશોમાં જ સંરક્ષણના કામને વધુ મહત્ત્વ આપશે. દેખીતી રીતે આ જાહેરાતમાં કશું ખોટું જણાતું નથી. પણ દુનિયાભરની 27 વન્યજીવ સંરક્ષણ અને પ્રાણીકલ્યાણ સંસ્થાઓને આટલું પૂરતું લાગતું નથી. 22 સપ્ટેમ્બરે લખેલા એક ખુલ્લા પત્રમાં તેમણે વનતારાને પ્રાણીઓની આયાત કાયમ માટે બંધ કરવાની અપીલ કરી છે. એક વર્ષ પછી ફરી આયાત શરૂ થઈ શકે એવી શક્યતા પણ તેમને યોગ્ય લાગતી નથી.

આ માગ પાછળનું એક કારણ વનતારામાં રહેલાં પ્રાણીઓની સંખ્યા છે. આ સંસ્થાઓના જણાવ્યા પ્રમાણે, ચાર વર્ષમાં આશરે 60 હજાર જીવંત પ્રાણીઓ અને 2,000 જેટલી પ્રજાતિઓનાં પ્રાણીઓને અહીં લાવવામાં આવ્યાં છે. તેમાં અત્યંત દુર્લભ પ્રાણીઓ પણ સામેલ છે, જેમ કે તાપાનુલી ઉરાંગુટાન, સ્પિક્સ મકાઉ, ગૅલાપાગોસ ઈગુઆના અને શૂબિલ.

સવાલ માત્ર આંકડાનો નથી. સવાલ એ છે કે આ પ્રાણીઓ આવ્યાં ક્યાંથી? આ સંસ્થાઓએ વનતારા પાસે તમામ પ્રાણીઓની જાહેર યાદી માગી છે, જેમાં દરેક પ્રાણી ક્યાંથી આવ્યું, ક્યારે આવ્યું, ક્યાં મોકલાયું તથા તેના જન્મ અને મૃત્યુ વગેરેની વિગતો હોય. 2025માં ભારતમાં તપાસ માટે આવેલી ‘સી.આઈ.ટી.ઈ.એસ.’ (કન્વેન્શન ઓન ઈન્ટરનેશનલ ટ્રેડ ઈન એન્ડેન્જર્ડ સ્પીસીઝ ઑફ વાઈલ્ડ ફૉના એન્ડ ફ્લોરા)ની ટીમે પણ વનતારામાં પહોંચેલાં મોટી સંખ્યામાં સંરક્ષિત પ્રાણીઓની આયાત અંગે ચિંતાઓ વ્યક્ત કરી હતી. હવે નવેમ્બરમાં યોજાનારી તેની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ બાબતે ભારતના જવાબ પર વિચાર થવાનો છે. ‘સી.આઈ.ટી.ઈ.એસ.’ એક આંતરરાષ્ટ્રીય કરાર છે. એ હેતુ વન્ય પ્રાણીઓ અને વનસ્પતિની પ્રજાતિઓના આંતરરાષ્ટ્રીય વેપારને નિયંત્રિત કરવાનો છે, જેથી આવા વેપારને કારણે તેમનું અસ્તિત્વ જોખમમાં ન મુકાય. અલબત્ત, વનતારાએ તમામ આક્ષેપોને નકારી કાઢ્યા છે અને નવી વ્યવસ્થા ઊભી કરવાની જાહેરાત કરી છે. ભવિષ્યમાં પ્રાણીઓ મેળવતાં પહેલાં ત્રણ તબક્કાની તપાસ થશે અને એક સ્વતંત્ર ગવર્નિંગ કાઉન્સિલ દેખરેખ રાખશે, એવું પણ તેણે જણાવ્યું છે. આયાતને એક વર્ષ માટે બંધ રાખવી એ પણ આ નવી વ્યવસ્થાનો ભાગ છે.

પરંતુ આ સંસ્થાઓનો મુખ્ય સવાલ બીજો છે. તેમનું કહેવું છે કે કોઈ પ્રાણીને બચાવવાની ખરેખર જરૂર હોય તો તેને બચાવવું જોઈએ. પરંતુ દુનિયાના જુદા જુદા દેશોમાંથી તેમને એક જગ્યાએ લાવવાને બદલે તેઓ જ્યાંના છે ત્યાં જ તેમને બચાવવાનું કામ વધુ યોગ્ય ન ગણાય?

ધારો કે આફ્રિકાના કોઈ દેશમાં હાથીઓ કે વાંદરાઓ માટેનું સ્થાનિક રેસ્ક્યૂ સેન્ટર સાધનો અને નાણાંની અછતનો સામનો કરી રહ્યું છે. બીજી તરફ, હજારો કિલોમીટર દૂર કોઈ વિશાળ સંસ્થા પાસે પૂરતાં સાધનો છે. તો મદદનો સાચો રસ્તો કયોઃ પ્રાણીઓને ઉઠાવીને અહીં લઈ આવવાં કે ત્યાંની સંસ્થાને એટલી મજબૂત બનાવવી કે તે પોતાનાં પ્રાણીઓની સંભાળ રાખી શકે? આ 27 સંસ્થાઓનો આગ્રહ બીજો વિકલ્પ પસંદ કરવાનો છે. તેઓ કહે છે કે વનતારાએ પોતાનાં સંસાધનો પ્રાણીઓના મૂળ દેશોમાં આવેલાં કુદરતી આવાસોના સંરક્ષણ અને સ્થાનિક રેસ્ક્યૂ સેન્ટરોને મજબૂત કરવામાં વાપરવાં જોઈએ. જરૂર પડે ત્યાં પ્રાણીઓને તેમના મૂળ વિસ્તારમાં પાછાં મોકલવાની શક્યતા પણ તપાસવી જોઈએ. કેમ કે, વન્ય પ્રાણી માત્ર એક જીવ નથી; તે પોતાના જંગલ, પર્યાવરણ અને દેશની કુદરતી સંપત્તિનો ભાગ છે.

પ્રાણીને બચાવીને તેને સુરક્ષિત જગ્યાએ રાખવું ક્યારેક જરૂરી હોઈ શકે. પરંતુ સંરક્ષણની આખી વ્યવસ્થા જ પ્રાણીઓને તેમના કુદરતી આવાસથી દૂર લઈ જવા પર આધારિત થઈ જાય તો પછી એને મૂળ સમસ્યાનો ઉકેલ શી રીતે માની શકાય?

જંગલો ઘટતાં જતાં હોય, કુદરતી આવાસોનો નાશ થતો હોય અને વન્ય જીવોનો ગેરકાયદે વેપાર ચાલુ હોય ત્યારે સૌથી મોટી જરૂરિયાત પ્રાણીઓ માટે વધુ મોટાં કેદખાનાં બનાવવાની નથી. અસલી જરૂરિયાત છે તેમનાં આવાસરૂપ જંગલોને બચાવવાની. વનતારા બાબતે ચાલી રહેલી ચર્ચામાં પણ સવાલ માત્ર એ નથી કે જામનગરમાં કેટલાં પ્રાણીઓ છે. સવાલ એ છે કે વન્ય જીવ સંરક્ષણનું અંતિમ લક્ષ્ય શું હોવું જોઈએઃ પ્રાણીઓને બચાવીને એક જગ્યાએ ભેગાં કરવાં કે એવી વ્યવસ્થા ઊભી કરવી, જેમાં તેમને પોતાના જંગલમાંથી બહાર લાવવાની જરૂર જ ન પડે? આખરે સવાલ પ્રાણીઓની સંખ્યા કે સ્થળનો નથી, પરંતુ સંરક્ષણની સાચી દિશાનો છે. પ્રાણીઓને બચાવવાની સાથે એ કારણો પણ દૂર કરવાં જરૂરી છે, જે તેમને પોતાના જંગલથી દૂર કરે છે. કદાચ એ જ સાચા સંરક્ષણની શરૂઆત કહી શકાય.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## નાના પાટેકર, અભિનયની પાઠશાળા

ફિલ્મી દુનિયાના પીઢ અભિનેતા નાના પાટેકરનું ૭૫ વર્ષની વયે તેમના ગોવા ખાતેના ફાર્મહાઉસમાં હાર્ટ એટેકના કારણે નિધન થતાં ફિલ્મજગતે એક શક્તિશાળી અને જીવંત ભૂમિકાઓ ભજવતા કલાકારને ગુમાવ્યો છે. સ્પષ્ટવક્તા અને જોરદાર સંવાદબાજીને કારણે તેઓ પ્રેક્ષકોના પ્રિય બન્યા હતા. તેમનું મૂળ નામ વિશ્વનાથ ગજાનન પાટેકર હતું, પરંતુ તેઓ ફિલ્મી દુનિયામાં નાના પાટેકર તરીકે જાણીતા હતા. તેમણે મરાઠી નાટકોથી શરૂઆત કરી હતી અને માસિક રૂ. ૩૫ના ધોરણે કામ કરતા હતા. અનેક સંઘર્ષો બાદ તેઓ ફિલ્મોમાં આવ્યા અને ‘પરિંદા’, ‘અગ્નિસાક્ષી’, ‘ક્રાંતિવીર’, ‘તિરંગા’ જેવી અનેક ફિલ્મોમાં દમદાર અભિનય આપ્યો હતો. તેમણે ત્રણથી વધુ નેશનલ એવોર્ડ મેળવ્યા હતા. ભારત સરકારે નાના પાટેકરને ‘પદ્મશ્રી’ એવોર્ડથી નવાજ્યા હતા. સાદગીભર્યું જીવન જીવતા નાના પાટેકર મોટા સ્ટાર હોવા છતાં કોઈ ભપકો રાખતા નહોતા. તેઓ ફાર્મહાઉસમાં ખેતીવાડી કરીને સમય વિતાવતા હતા. વિવિધ પાત્રોને જીવંત બનાવનાર તેઓ અભિનયની પાઠશાળા સમાન હતા. તેઓ પોતાની પત્ની નીલકાંતિ સાથે ૩૦ વર્ષથી અલગ રહેતા હતા, છતાં તેમણે પત્નીને તલાક આપ્યા નહોતા. એ જ તેમની ખાનદાની દર્શાવે છે. મૂળ આર્ટ ફિલ્મોના કલાકાર નાના પાટેકરને સલામ સાથે ભાવાંજલિ અર્પું છું. તેઓ રૂ. ૮૦ કરોડની મિલકત પત્ની અને પુત્ર મલ્હાર માટે મૂકી ગયા છે.

**તરસાડા - પ્રવીણસિંહ મહીડા**

## જેમીની વાસ્તવિકતા માપે

ગુજરાત સરકાર શિક્ષણમાં ડિજિટલાઈઝેશનનો વ્યાપ વધારી રહી છે, પરંતુ કપરાડા જેવા અનેક અંતરિયાળ વિસ્તારોમાં પૂરતું ઈન્ટરનેટ નથી અને કેટલીક શાળાઓમાં શિક્ષકોની પણ અછત છે. આવી સ્થિતિમાં શિક્ષકો પર ઓનલાઈન ડેટા એન્ટ્રી, રિપોર્ટિંગ, BLO કામગીરી, સરકારી સર્વે અને દૈનિક હાજરી સહિતનાં અનેક વહીવટી કામોનું ભારણ લાદવામાં આવે છે. સમયમર્યાદામાં કામ પૂરું કરવાના અધિકારીઓના દબાણથી શિક્ષકો માનસિક તણાવનો ભોગ બને છે. તાજેતરમાં આચાર્ય શંકરભાઈ જાદવનો આપઘાત શિક્ષણ વ્યવસ્થાની ખામીઓ સામે લાલબત્તી સમાન છે. શિક્ષણ વિભાગ જો ધારે તો જમીની વાસ્તવિકતા માપી અને શિક્ષકોના માનસિક સ્વાસ્થ્યને કેન્દ્રમાં રાખીને ચોક્કસપણે વહીવટી સુધારા કરી શકે છે. કર્મચારીઓના માનસિક તણાવને સમજવા અને નિવારવા માટે કોઈ અસરકારક વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. શિક્ષણ વિભાગે શાળા કે ક્લસ્ટરદીઠ વહીવટી કર્મચારી રાખવો, એક જ ડેટા વારંવાર ભરવાની પ્રથા બંધ કરવી, રજાના દિવસે ઓનલાઈન કામગીરીમાંથી મુક્તિ આપવી અને નેટવર્ક ન હોય ત્યાં ઓફલાઈન પદ્ધતિ સ્વીકારવી જોઈએ. શિક્ષકોની સમસ્યાઓના ઝડપી ઉકેલ માટે સક્રિય સમિતિ પણ રચવી જોઈએ. શિક્ષકોને વહીવટી ભારણ અને માનસિક તણાવમાંથી મુક્ત કરાશે તો જ તેઓ શિક્ષણની ગુણવત્તા અને ભાવિ પેઢીના ઘડતર પર પૂરતું ધ્યાન આપી શકશે.

**સુરત - મિતેશ પારેખ**

## ‘સ્વદેશી’

‘સ્વદેશી’ શબ્દ સાંભળતાં જ મહાત્મા ગાંધીનો ચરખો, ખાદી અને સ્વાતંત્ર્ય આંદોલન દરમિયાન વિદેશી વસ્તુઓના બહિષ્કારની યાદ આવે છે. ત્યારે સ્વદેશી અંગ્રેજ શાસન સામેનો આર્થિક વિરોધ હતો. પરંતુ આજે આઝાદીનાં ૭૫ વર્ષથી વધુ સમય બાદ સ્વદેશીનો વિચાર જૂનો થયો નથી, બલ્કે તેનો અર્થ બદલાયો છે. આજે સ્વદેશીનો અર્થ માત્ર વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરવાનો નથી, પરંતુ ભારતીય ઉત્પાદનો, ઉદ્યોગો, કૌશલ્ય, સંશોધન અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનો છે. ભારત માત્ર વસ્તુઓ ખરીદનાર નહીં, પરંતુ વિશ્વબજારમાં પોતાની ગુણવત્તાયુક્ત વસ્તુઓ અને સેવાઓ વેચનાર દેશ બને એ જ સ્વદેશીનો નવો મંત્ર છે. ‘મેક ઈન ઈન્ડિયા’, ‘આત્મનિર્ભર ભારત’, ‘સ્ટાર્ટઅપ ઈન્ડિયા’ અને ‘વોકલ ફોર લોકલ’ જેવી પહેલોમાં આ વિચાર જોવા મળે છે. સ્થાનિક ઉત્પાદનો ખરીદવાથી ભારતીય ઉદ્યોગોને પ્રોત્સાહન મળે છે, રોજગારીની તકો વધે છે અને દેશની અર્થવ્યવસ્થા મજબૂત બને છે. આજે સ્વદેશી માત્ર ખરીદીનો વિકલ્પ નથી, પરંતુ રાષ્ટ્રના સ્વાભિમાન સાથે જોડાયેલો વિચાર છે. વિદેશી વસ્તુઓની આંધળી નકલ કરવાને બદલે ભારતીય ઉત્પાદનોને ગુણવત્તા અને નવીનતામાં વિશ્વસ્તરીય બનાવવાની જરૂર છે. દેશી વસ્તુ થોડી મોંઘી હોય તો પણ ગુણવત્તા અને ઉપયોગિતાને ધ્યાનમાં રાખીને તેને પસંદ કરવી જોઈએ. સ્વદેશી અપનાવવું એટલે દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવું.

**અમદાવાદ - પ્રવીણ રાઠોડ**

## ખારું પાણી મીઠું કરતા જળ સમસ્યા ઉકલાશે

માનવીની મૂળભૂત જરૂરિયાતોમાં અન્ન, પાણી, વસ્ત્ર અને રહેઠાણનો સમાવેશ થાય છે. પૃથ્વી પર પાણીનો વિશાળ જથ્થો હોવા છતાં પીવાલાયક મીઠું પાણી મર્યાદિત છે. આજે આપણે ભૂગર્ભ જળનો ઉપયોગ કરીને પાણીની જરૂરિયાત પૂરી કરીએ છીએ, જ્યારે બીજી તરફ દરિયાનું ખારું પાણી વિશાળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. વિજ્ઞાને ખારા પાણીને મીઠું બનાવવા માટે ઈલેક્ટ્રોડાયાલિસિસ મેમ્બ્રેન જેવી ડિસેલિનેશન પદ્ધતિ વિકસાવી છે. આ ટેકનોલોજીમાં વીજપ્રવાહ અને વિશિષ્ટ મેમ્બ્રેનની મદદથી પાણીમાં રહેલા ક્ષારોને અલગ કરવામાં આવે છે. યોગ્ય શુદ્ધિકરણ બાદ પાણી ઉપયોગલાયક બની શકે છે. આ ટેકનોલોજીનો નાના પાયે ઉપયોગ શક્ય બને તો ગ્રામ પંચાયતો, દૂધમંડળીઓ અને રહેણાક સોસાયટીઓને પણ તેનો લાભ મળી શકે છે. ઈઝરાયેલ અને મધ્યપૂર્વના અનેક દેશોમાં દરિયાના પાણીને મીઠું બનાવવાની પદ્ધતિનો ઉપયોગ થાય છે. ગુજરાતનો વિશાળ દરિયાકિનારો પણ આ દિશામાં મોટી તક પૂરી પાડે છે. જોકે, આ ટેકનોલોજી સ્થાપવાનો ખર્ચ, વીજળીની જરૂરિયાત અને ક્ષારયુક્ત કચરાના નિકાલ જેવી બાબતોનું પણ ધ્યાન રાખવું જરૂરી છે. સરકાર સોલાર પેનલની જેમ આવી વ્યવસ્થા માટે સબસિડી આપે અને તેના વિશે જનજાગૃતિ ફેલાવે તો સામાન્ય પરિવારોને પણ લાભ મળી શકે. યોગ્ય આયોજન અને સસ્તી ટેકનોલોજી દ્વારા ‘ઘર ઘર જળ, ઘર ઘર નળ’નું સૂત્ર સાકાર કરવામાં મદદ મળી શકે છે અને પીવાના પાણીની સમસ્યા હળવી બની શકે છે.

**વ્યારા - પ્રકાશ સી. શાહ**

## મહેરબાની કરીને દૂર રહો

દેશમાં હક દરેક નાગરિકનો છે, વિરોધ વ્યક્ત કરવો દરેક નાગરિકનો અધિકાર છે. પરંતુ એ સમજવાની ચોક્કસ જરૂર છે કે આ બધું દેશના ભોગે તો ના જ હોવું જોઈએ. એક દેશને વિકસિત થતાં અને વિકાસ યોજના પૂરી કરતાં વર્ષના વર્ષ નીકળી જતાં હોય તેમાં પણ ઘણી યોજના તો ખૂબ જ વિરોધ બાદ બની હોય તેનો નાશ કરતાં ક્ષણભર નથી લાગતી, તો શું દેશનો જાગૃત સભ્ય અને શિક્ષિત નાગરિક આમાં ભાગ લેશે? દેશનો જે વર્ગ આવકવેરો ભરી દેશની પ્રગતિ ઈચ્છે છે તેની મનોદશા અસામાજિક તત્ત્વો ક્યારે નહીં સમજી શકે. હવે દરેકે સમજવું પડશે કે દેશનું નુકસાન એ દેશને પાછળ ધકેલવાનો જ ઈરાદો છે, આપણી ઝેન જી એ આ સમજણ મેળવવી પડશે કે તેમની પાસે ખૂબ જ સમય છે અને આનું સૌથી વધુ નુકસાન તેમને જ છે. જ્યારે યુદ્ધની પરિસ્થિતિ હોય દરેક નાગરિકની જવાબદારી હોવી જોઈએ દેશને શાંતિપૂર્વક અને નુકસાન કર્યા વિના વિરોધ કરવાની. જો કોઈ પણ તત્ત્વ દેશને નુકસાન કરતો હોય તો ચોક્કસપણે કહી શકાય કે તે દેશવિરોધી કાર્ય છે જે જાગૃત સભ્ય અને શિક્ષિત નાગરિકો નહીં ચલાવે.

**સુરત -જિજ્ઞેશ બક્ષી**